પૂરક નોંધ

➢ <u>સ્કુલ ઓન વ્હીલ</u> :

ગુજરાત સરકાર, સમગ્ર શિક્ષા દ્વારા વર્ષ ૨૦૧૯–૨૦માં સ્કુલ ઓન વ્હીલ પ્રોજેક્ટ અગરિયા વિસ્તારમાં અગરિયાના બાળકો ટેકનોલેજીના માધ્યમથી શિક્ષણ પ્રાપ્ત કરે તે હેતુથી શરુ કરવામાં આવ્યો.

સ્કુલ ઓન વ્હીલ પ્રોજેકટમાં નીચે મુજબની વિવિધ સુવિધાઓ ઉપલબ્ધ છે.

૧. બારીઓમાં નવી ટેક્નોલોજીના લુવર્સ લગાવવામાં આવ્યા છે જેથી રેતી કે પાણી અંદર પ્રવેશી ન શકે.
૨. આરામથી બેસી શકાય તે માટે પીવીસી ફ્લોરીંગ
૩. ગ્રીન બોર્ડ
૪. અપગ્રેડ સોલર સિસ્ટમ ૩.૭ કે.વી.
૫. ૨૯ ઇંચ એલ.ઇ.ડી. ટી.વી. ડી ટૂ એચ સેટઅપ બોક્ષ અને ધોરણ વાઇઝ ઈ– કન્ટેન્ટ સાથે
૬. પંખા અને ૬ એલ.ઈ.ડી. લાઈટસ
૭. ફાયર એસ્ટિંગવિસર
૮. રાઈટીંગ ડેસ્ક–૧૮ નંગ

- રાજયમાં ચાર જિલ્લાઓમાં કુલ ૩૮ (કચ્છ–૫, મોરબી–૩, પાટણ– ૧૦ અને સુરેંદ્રનગર – ૨૦) સ્કુલ ઓન વ્હીલ અગરિયાઓના બાળકોના શૈક્ષણિક હેતુ અર્થે કાર્યરત છે.
- અગરિયાના બાળકોને કે જેમના વાલીઓ ઓકટોબર થી એપ્રિલ સુધી સ્થળાંતર કરે છે તે દરમ્યાન શિક્ષકો દ્વારા શિક્ષણ આપવામાં આવે છે.
- મધ્યાહન ભોજન અને બીજા પોષણયુકત ખોરાક આપવામાં આવે છે.